ICDS હેઠળની ગાંધીનગર કોર્પોરેશન ખાતે પી.ઓ.સેલ અને પ્રાદેશિક કચેરીઓ ખાતેની કુલ-૧૧ જગ્યાઓની સેવાઓ આઉટસોર્સીંગથી મેળવવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: WCDD/DRA/e-file/23/2024/0817/B1 Branch

સચિવાલય, ગાંધીનગર.

**વંચાણે લીધા:**

1. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: WCDD/NIE/e-file/23/2023/1550/B1નો તા.૧૧/૦૩/૨૦૨૪
2. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: WCDD/NIE/E-FILE/23/2023/1608/b1 તા.૦૫/૦૩/૨૦૨૪
3. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક: WCDD/NIE/E-FILE/23/2023/1564/b1 તા.૦૬/૦૩/૨૦૨૪
4. મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:WCDD/DRA/E-FILE/23/2024/0817/B1,તા.૦૩/૧૦/૨૦૨૪

**//પ્રસ્તાવના//**

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવથી સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત નવી સેવા વર્ષ ૨૦૨૪-૨૫ તરીકે ગાંધીનગર મહાનગર પાલિકા ખાતે પી.ઓ.સેલમાં નિયમિત પગારધોરણની કચેરી અધિક્ષક-૦૧, હિસાબનીશ-૦૧, જુ.ક્લાર્ક-૦૧ અને આઉટસોર્સ પટાવાળા-૦૧ જગ્યા મંજુર કરવામાં આવેલ. વંચાણે લીધા (૨) અને (૩) પરના ઠરાવથી ૦૪ પ્રાદેશિક કચેરીઓ ખાતે નિયમિત પગારધોરણની ૦૪ જુનિયર ક્લાર્ક અને ૦૪ આંકડા મદદનીશની જગ્યા વર્ષ ૨૦૨૪-૨૫ની નવી બાબત તરીકે ઉભી કરવામાં આવેલ. વંચાણે લીધા ક્રમાંક(૪) પરના ઠરાવથી આ જગ્યાઓને તા.૧૦/૮/૨૦૨૫ સુધી અથવા નિયમિત ઉમેદવાર ઉપલબ્ધ થાય અથવા પ્રતિનિયુક્તિથી ઉમેદવાર ઉપલબ્ધ થાય એમાંથી જે વહેલું હોય ત્યાં સુધીના સમયગાળા માટે શરતોને આધિન આઉટસોર્સથી સેવા મેળવવાની મંજૂરી આપવામાં આવેલ.

**//ઠરાવ//**

ગાંધીનગર પી.ઓ.સેલ અને પ્રાદેશિક કચેરીઓ ખાતે કામગીરીની અગત્યતા અને વહીવટી સરળતા હેતુ ઉક્ત જગ્યા ભરવી અત્યંત આવશ્યક હોવાથી નીચે દર્શાવ્યા મુજબ નિયમિત પગારધોરણની કુલ-૧૧ જગ્યાઓ પર માન્ય એજન્સી મારફત આઉટસોર્સિંગથી માનવબળની સેવાઓ મેળવવાની મંજૂરી આપવામાં આવે છે. આ મંજૂરી તા.૧૧/૦૮/૨૦૨૫ થી વધુ ૧૧ માસ અથવા નિયમિત ઉમેદવાર ઉપલબ્ધ થાય અથવા પ્રતિનિયુક્તિથી ઉમેદવાર ઉપલબ્ધ થાય એમાંથી જે વહેલું હોય ત્યાં સુધીના સમયગાળા માટે અને નીચે દર્શાવેલ શરતોને આધિન રહેશે.

| ક્રમ | આઉટસોર્સથી સેવાઓ મેળવવા માટેની જગ્યાનું નામ | ગાંધીનગર કોર્પોરેશન ખાતેની જગ્યા | પ્રાદેશિક કચેરીઓ ખાતેની જગ્યા | કુલ જગ્યાઓ |
|---|---|---|---|---|
| ૧ | કચેરી અધીક્ષક | ૦૧ | -- | ૧ |
| ૨ | હિસાબનીશ | ૦૧ | --- | ૧ |
| ૩ | જુ.ક્લાર્ક | ૦૧ | ૪ | ૫ |
| ૪ | આંકડા મદદનીશ | -- | ૪ | ૪ |
| કુલ | | ૦૩ | ૦૮ | ૧૧ |

Signature Not Verified
Signed by:Rakeshkumar Prajapati
Section Officer
Date: 2025.09.23 11:45:30 +05:30

File No: WCDD/DRA/e-file/23/2024/0817/B1 Branch
Approved By: Deputy Secretary,B1 Branch,WCDD

Open the document in Adobe Acrobat DC to verify the E-sign

ઉક્ત જગ્યાઓ હેતુ લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગના તા.૨૭/૦૩/૨૦૨૩ના જાહેરનામા અને તેને આનુષંગિક બહાર પાડવામાં આવેલ ઠરાવ/પરિપત્રો ધ્યાને લઈ બહાર પાડવામાં આવેલ લઘુત્તમ વેતન જેટલા જ મહેનતાણા આઉટસોર્સિંગ સ્ટાફને ચૂકવવાના રહેશે.

**શરતો:**

1. આ ખાલી જગ્યાઓ પર નિયમિત ભરતીથી ઉમેદવાર મળે અથવા અગિયાર માસ માટેઅથવા પ્રતિનિયુક્તિથી ઉમેદવાર ઉપલબ્ધ થાય એમાંથી જે વહેલું હોય ત્યાં સુધી આઉટસોર્સથી સેવાઓ મેળવવાની રહેશે.
2. આ જગ્યાઓ પર નિયમિત ભરતીથી અથવા પ્રતિનિયુક્તિથી ઉમેદવારની નિમણૂક થાય ત્યારે અગિયાર માસના આઉટસોર્સના કર્મચારીઓને છુટા કરવાના રહેશે.
3. ૧૧ માસ બાદ આ જગ્યાઓની સેવા ચાલુ રાખવા વિભાગની મંજુરી મેળવવાની રહેશે.

પ્રસ્તુત ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઈલ પર નાણા સલાહકારશ્રીના પરામર્શમાં સચિવશ્રી (મ.બા.વિ.)ની તા.૨૦/૦૯/૨૦૨૫ ની નોંધથી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.આર.પ્રજાપતિ)

સેક્શન અધિકારી

મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, બ્લોક નં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
2. કમિશ્નરશ્રી(આઈસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, બ્લોક નં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. ગાંધીનગર મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન,ગાંધીનગર
4. નાયબ નિયામકશ્રી વિભાગીય, અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ.
5. પ્રોગ્રામ ઓફીસરશ્રી (આઈસીડીએસ) ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન
6. નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
7. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ.
8. પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
9. સિસ્ટમ મેનેજરશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર - વેબસાઈટ પર અપલોડ કરવાની વિનંતી સહ
10. શાખા સિલેક્ટ ફાઈલ.

Signature Not Verified
Signed by:Rakeshkumar Prajapati
Section Officer
Date: 2025.09.23 11:45:30 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign